## જાહેરનામું

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

### નંબર વિ.શા./બોરવેલ જાહેરનામું/ઓ.એસ. સેકશન/૪૮/૨૦૧૪

હુકમ :-

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હદ વિસ્તારમાં ખેતીના ઉપયોગ માટે ખેડુતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા, અથવા રદ બાતલ થઇ જતા બોરકુવા, પાઇપ લાઇન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દિધેલ બોરકુવાના પાઇપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતાં આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૬૪ (ગ) તથા ૬૬ (જ) ની જોગવાઇ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઇ પણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાનાથી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં

**(૧)** જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલાં સંબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે. તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ સંબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

**(૨)** બોરવેલ બનાવ્યા બાદ કોઇ જાનહાની થાય નહી અથવા બોરવેલમાં કોઇ બાળક કે અન્ય વ્યક્તિ કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાત્રી સંબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

**(૩)** જુના તથા બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતી હોય તેવા બોરવેલના જમીન માલીકોએ બોરવેલની પાઇપ લાઇન બંધ કરવા ઉપરાંત ઉપરોક્ત કાળજી રાખવાની રહેશે.

આ હુકમ **તા.૦૭.૦૭. ૨૦૧૪ થી તા.૦૪.૦૯. ૨૦૧૪** સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતા સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૫.જુલાઇ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર